# કિર્તન ચંદ્રોદય.

રચી પ્રીસીધ્ધ કરનાર.


## જોશી જયરામ રવજી ભાગલીઆ

રહેવાસી કચ્છમાંડવીવાલા.

ઠે૦ નળબજાર, પોલીસચોકી સામે રંગારીના માલામાં મુંબઇ



સંવત ૧૯૬૭




કિંમત–૨–૦–૨ આના


વીઠલ છાપાખાનામાં પી. વીઠલરાવે છાપ્યું.

૧૦ કાંદાવાડી મુંબઇ

# પ્રસ્તાવના

શ્રી લક્ષ્મિનારાયણના દેવાલય પ્રત્યે માધવ બાગમાં.
દર્શને આવનારા સર્વ સદગ્રુહસ્થોના જાણવામાં.
છે કે અમો પાંજરા પોળના નાકા પાસે બેશી પ્રભુના.
નામના પ્રેમી જનોને પ્રીય લાગે એવા ભકિત વર્ધક
કિર્તનો કે જે સાંભળવાથી કોઇ પણ એ માર્ગમાં
વર્તનારા જીવને પ્રભુ ચર્ણપ્રતી લાગી તેઓ
શ્રવણ કરવાને તતપર થએલા જોવામાં આવે છે.
માટે તે અનુસારે આમારા લઘુપુસ્તકમાં
તે સર્વ કિર્તનો સમાવેસ કરી તેઓને ઉત્તમ
અંતઃકરણને પ્રેમ ઉપજાવે એવા કિર્તનો લખેલા છે
તે વાંચી આનંદનો લાભ લેશોજી.

લી. હું છુ.
આપનો સુભેચ્છક
જોશીજયરા રવજી ભાગલીયા
ગ્રંથકર્તા

# અર્પણ પત્રીકા

શ્રી લક્ષ્મિનારણના

ચરણમાં

લી૦ જે૦ ર૦ ભાગલીઆ

# કિર્તન ચંદ્રોદય.

## દોહરા

આ સંસાર સમુદ્રમાં નાવ પ્રભુનું નામ.
પ્રીતેથી લેજો સહુ. એમ કહે જયરામ.

---

શ્રી ગણુનાથ કૃપાલ. આદ્ય સ્મરીને
માગુ સદા સન્મતી આપેતો વળી કાર્ય થાય સઘળું
માટે કરૂં વિનતી. સેવકને થઇ સ્હાય બાંહય ધરજો
તો કાર્ય સિદ્ધિ થસે માટે સઘ તમાંમ આળસ તજી
રૂદયે તું મારે વસે

## સારદાસ્તુતા

(છપ્પો.)

માત સરસ્વતી તણું. પ્રથમ હુ ધ્યાન ધરીને.
નમન કરી સતવાર. રહયો છું સ્મરણુ કરીને.
આ સંસાર સમુદ્ર પાર વેગેથી પામું
કૃપા આપની થતાં વેદના સર્વે વામું
વળી વિવિધ પ્રકાર કરી ઘણાં ગુણુ પ્રભુના વર્ણન કરૂં
જયરામ કહે નિશ્ચય કરી આનંદે ઉરમાં ઠરૂ
કૃપા આપના થતાં વિશ્વમાં સર્વ વખાંણે
જન મુરખજે હતાં. પંડીતો થયા પરાંણે
પામે માન અપાર સભામાં જેજન પુરા
હે જનુંની તુજ કૃપા વિના નર રહયા અધુરા
વળી કિર્તિવંત કવીયો થયા ચતુર પણું જે ચહાય છે
જયરામ કહે જનુંની સુણો. તરત પાર ઉતરાય છે

---

## કિર્તન ૧ લું

( બનજારો )

જયલક્ષ્મિકાંત સુખકારી. દીનાનાથ શ્રીગીરીવરધારી.
સુભ સ્તુતી કરીયે તમારી. મહીમાં અનંત અતીભારી.
જગતના નાથ પ્રભુસાક્ષાત. અકળ ગતન્યારી. ॥ ટેક
સુંદર સ્વરૂપ અવીનાસી, કરૂંણા નીધાન સુખરાસી.
વિશ્વ પ્રતીપાળ નંદના લાલ. ભજુ ભયહારી, ॥ દીનાનાથ ॥
સુરીનર મુનીવર ગુણગાએ. પ્રભુદર્શન થકી સુખથાએ
નીરંજન દેવ કરૂંનીત્યસેવ. પામું ફળચારી. ॥ દીનાનાથ ॥
શ્રંગાર રત્નાંશુંસોભી. જાયભકતોના મનલોભી
ભકતને કાજ આપે માહારાજ. કિર્તિ વિસ્તારી ॥ દીનાનાથ ॥
અવતાર ગયો સહુવિતી. હરીચરણે થઇ નવપ્રીતી
ઘડીપળ એક આંણી વિવેક. માયાનત્રટાળી ॥ દીનાનાથ
જયરામ કહે એ રીતે મનસાંત ધરી એક ચીંતે.
ભજન જો થાય રીઝેજગરાય શ્રી કુંજબીહારી.
દીનાનાથ શ્રીગીરી વરધારી. જય લક્ષ્મીકાંત સુખકારી

---

## કિર્તન ૨ જું

( રામસમરાવા રામ ) એ રાહ

પ્રભુને ભજીલે અજાંણુ. અકલમંદ. પ્રભુને ભજીલે અજાંણુ
દેખીતું આ સંસાર મીથ્યાછે, વદતાં વેદપુરાણુ ॥ અકલ:
મુખ સોભે પ્રભુનામ લીધાંથી. નેત્રદર્શનથી પ્રમાંણુ ॥ અકલ:
હસ્થ સોભે હરી સેવા કરેથી. કૃષ્ણુ કથા એથીકાન ॥ અકલ:
ચર્ણુંસોભે તિર્થયાત્રા થકી. અથવા તો જતાં પ્રભુસ્થાન ॥ અકલ
વિષ્ણુપદેશીર ભુષણુનમતાંતો. વપુભાગેરથીસ્નાન

અકલમંદ પ્રભુને ભજીલે અજાણુ
જયરામ કહે સુદ્ધ અંતઃકરણથી
સહુ ગાંત્રો હરી ગુણુ ગુણુગાન અકલમંદ પ્રભુને ભજીલે અજાંણુ

---

## કિર્તન ૩ જું

( કુંથબી નરહી અકેલી મોરી જાન ) એરાહ
હરીરસનું કર પાન. અલ્યાનર હરીરસનું કર પાન
એરસપીના જોને ત્રપ્તી ન પામ્યા પરીક્ષિત જેવાંરાજાન ૦ાા અલ્યાટેક
નામસ્મરણુના પ્રતાપે કરીને. પાપસહુટળીજાય
પાપી અજામીલ જેવાની મુકિત પળમાં થએલી જણુાય ૦ાા અલ્યા
પંખી કપોતે દુઃખ સમયમાં સમર્યા શ્રીભગવાન
વિખ ધરનુંવાએ રૂપ ધરીને હર્યાં પારાધીનાપ્રાણ ૦ાા અલ્યા
પુરણુ પુરૂષોતમ શ્રીહરીના. શુકરીએજ વખાંણુ
દશરથનાં સુત રામ પ્રતાપે. સિંધુ તર્યાં પાષાણુ;ાા અલ્યા:
નારદ આદી દેવ રૂશીપણુ કરતાં રહે ગુણુગાન
શેષ સરીખાં પારન પામ્યા.' રચી માયાબળવાન ૦ાા અલ્યા
અગાધ ગુણુને અનંત માયા સ્વપ્ને ન આવે ધ્યાન
જયરામ કહે હરી ભજ હઠીલા એજ ખરૂં સુભજ્ઞાન
અલ્યા નરહરી રસનુંકર પાન

---

## કિર્તન ૪ થું

રાહ એજ

વાલાછે ભકત અપાર ઓધવમુને વાલાછે ભકત અપાર
નથી વાલી એવિ વસ્તુ. જગતમાં રૂકમણીઆ દીનાર ાા ઓધવ
સ્મરણુ કરતાં માંહી સત્વર આવું ભક્ત સંભારે જેવાર.

ગરૂડ આદીજે વાહાન મારા તજુ હું તેને ઠાર. ા ઓધવ
ગજેંદ્રનો જે ચર્ણજ કહીએ ઝુડે ગ્રસ્યો જે વાર.
બીડપડી ત્યારે પ્રભુને ભજીઆ કાઢયા જળ થકી બહાર:ઓધ
દુષ્ટ દુરીયોધને દ્રૌપદી દુભ્યાં લાવી સભાની મોઝાર
ચીરપુર્યાં ત્યાં નવસે નવાણું થઇ રહ્યો હાહાકાર ાા ઓધ ા
ભકતોને કાજે આ ભુમી તળમાં જન્મલીધાં બહુંવાર
દુસ્કૃતીઓનો નાશજ કરીને હર્યાં ભુમીના ભાર ાા ઓધ ા
આ કળીજુગમાં ધર્મ અરથને મોક્ષ ઇચ્છે કોઇ સાર
જયરામ કહે હરીનામ પ્રતાપે પામે પદારથ ચાર.
ઓધવ મુનેવાલા છે ભકત અપાર

---

## કિર્તન ૫ મું

### રાગ એજ

સાચા શ્રીસરજન હાર' ભજીલે મન સાચા શ્રીસરજન હાર
અખંડ જોતિ સ્વરુપ શ્રીહરીનું વિશ્વતણું આધાર ાા ટેક
સંસાર રૂપી તરુવર ઉપર આયા પંખીડા હજાર.
રાત્રીવિશે સહુંભેળાં થયા પણ પ્રભાતે રહેનહી ચાર ાા ભજીલે
સ્વપ્ના સરીખા આ સુખમાં શુ મોહી રહયો તુંગમાર
જાગી જોતાં જેમ જરીએન દીશે માયાતણોવિસ્તાર ાા ભજીલે.
નીરમાંણુ જે પ્રભુએ કરી રાખ્યુ મીથ્યાનથાએ લગાર
તેમાં યતુંરાઇ ચાલે ન તારી વૃથા ઉપાડે ભાર ાા ભજીલે ા
સજજતુંથા સ્નેહ પાસને તોડી તત્વનું કરીલે વિચાર
જયરામ કહે હરી સરણે ગયા તેણુકોણુ ઉતારે પાર ાા ભજીલે:

---

## કિર્તન ૬ ઠું
### રાગ એજ

સત્ય તણે આધાર જગત સહુ સત્ય તણે આધાર
સર્વસ્વ જાતાં સત્યન. મુકયું રાજા બળીયે લગાર
રાજ્ય પાતાળનું આપ્યું પ્રભુએ પોતે થયાં છડીદાર ।। જગત
રાજા નળને રાણી દમયંતી વીચરીયા વન મોઝાર
કષ્ટ વેઠયા પણ એ દંપતીયો ચુકયા ન શત્ય વિચાર ।। જગત
રામ પીતારાય દશરથજીએ. આપ્યુ વચન નીરધાર
પુત્ર વિયોગે પ્રાણને તજતાં ક્ષણુન લાગાડી વાર ।। જગત
અસ્વ મેધા દીક સીબી રાજાએ. યજ્ઞો કીધાં વિસ્તાર
શરણાંગતનું રક્ષણ કરવા પક્ષી તોળ્યા દેહ ભાર ।। જગત
ભિષ્મ પીતા મહબાંણુ સૈહઆપર. પોઢયાં છે જેણીવાર
યાચકરૂપે પ્રભુ આવ્યા તેણે સુવર્ણ સોપ્યું સવાભાર ।। જગત
સમુદ્ર પણ મરજાદતજીને. જતાં નથી હદબાર
જ્યરામ કહે શ્રીકૃષ્ણ ચરણમાં પ્રેમથી રાખી પ્યાર ।। જગત

## કિંર્તન ૭ મું.
### રાગ એજ

ભકિતથકી વસ થાય દયા નીધે બકતીથકી વસથાએ
ભવ ભંજનની ભકિત કર્યાથી જન્મ મરણભય જાય ।। દયા
વિદ્યા નીધી મોટા મુની છોડી. પશુ ગજ માટે ધાય
દુર્યોધન ભોજન તજી રૂચીથી સાક વીદુર ઘર પાય ।। દયા
જેના મુખ પ્રસાદ કણ સારૂ બ્રહ્મા:દીક લલચાય
સુદ્ર શ્રી ભીલ્લીના બોરો લેતાં તે નહ જાય ।। દયા
જેપર છત્ર ધરે પ્રેમેથી અમર છત્ર પતી રાય
તે ગીરી છત્ર ધરી સ્થીર કરમાં ભજે ગોપને ગાય ।। દયા

શિવ બ્રહ્માદીક શેષ સારદા, નારદાદી ગુણ ગાય
રામ દાસ નરસીં મહેતાને તુર્ત થયા પ્રભુસ્હાય ।। દયા
તુકારામને મીરાબાઇ તે. ભકત થયાં કલીમાય
ગુણ ગાતાં જ્યરામ તમારા ચર્ણકમળ ચીત ચહાય : દયાની

## કિર્તન ૮ મું

### રાગ ભૈરવી

મીથ્યાભીમાંની નરતુ હરીને ભજીલે
હરીને ભજીલે મનવા. પ્રભુને ભજીલે : ઓમીથ્યામી.
આ વિચાર વિનાનો મુર્ખ મુઢતું અભાગી
નીશીદીન હરતા ફરતાં રામને રટીલે : ઓમીથ્યા
કુટુંબ કબીલા કાજે અસત્ય વદીને પાપના વૃક્ષો પ્યારા
કાંહાંતું સ્રા:ગ્લે : ઓમીથ્યા
લક્ષ્મિતણાં શ્રી કાંત જગતના શ્વામી
કહે જ્યરામ સત્ય નામ સ્મરીલે : ઓમીથ્યા :

---

## કિર્તન ૯ મું

### રાગ એજ

મનતું ભજીલે શ્રીકૃષ્ણ પ્યારા
મોર મુગુટ પીતાંબર સુંદર
કંઠે સોભે વનમાળા : મનતું
સુરીનર મુનીવર ધ્યાન ધરંતા
દરશન ઇચ્છે તમારા મનતું
માત જશોદાના કુંવર કનઇઆ
જગતના પ્રાણ અધારા મનતું

જયરામના પ્રભુ કીરપા સિંધુ
ઘડી પળ રહેસો ન ન્યારા : મનતું

## કિર્તન ૧૦ મું.

### રાગએજ

પ્રાણ પતીઓ પ્રભુ પ્યારા રેમમ પ્રાણ પતી પ્રભુ પ્યારા
કંચન મૃગછે આ બહુ સુંદર
ચણુ પડું હુ તમારા રેમમ
આપ શરેથી આ મૃગ વેંધો
મગન કરો મન મારા રેમમ
શબ્દ શુંણી સુખરૂપ સતીના
કંચન મૃગને વિદાર્યા રેમમ
જયરામ કહે વિર લક્ષમણ ત્યાંથી
છોડી સીતાને પધાર્યા રેમમ

## કિંર્તન ૧૧ મું

### રાગ પુનમ ચાંદની

સ્વ સ્તી શ્રી પુરી દ્વારામતી નગર સોહામણું રે
અંતરજામી પ્રભુનો જેમાંછે દરબાર
મારા પ્યારા નાથ હરી શ્રી કૃષ્ણ પધારજો રે

### સાંખી

લીખી તંગ ચરણ કમળ તણી દાસીની પણ દાશ
રૂક્ષમણીનામે દીકરી પત્ર લખે છે ખાસ
મેતો તનમન ધનથી દેહ સમરપ્યું આપનેરે
અંતર જામી જાણોછો સહુમનના ભેદ મારાપ્યારા

ચંદેરી નગરી તણો રાજા જે શીશુપાલ
મુજને પરણુવા કારણે આવસે દીન દયાલ
એ શીશુપાળ કદી મુજને પ્રભુ પરણી જસેરે
સત્વર બલાતકારે તજવાં મારે પ્રાણ      મારાપ્યાર
સિંહ તણુા સીકારની આશા કરે શિયાળ
મુરખ નર પદમીની તણો શું જાણે હેવાલ
કદાપી વરીસ નહી હું એ નૃપતી શીશુપાળનેરે
ભલેજો પુર્વ છોડીને પશ્ચીમ ઉગેભાણ      મારાપ્યાર
ગૌરીના પુજન તણીછે અમ કુળમાં ચાલ
તે મંદીરમાં આપને મળીસ હું તતા કાલ
વેગેમારૂં ત્યાંથી હરણ કરી સીધાવજોરે
થોડે લખે ઘણું કરી માંનોને મહારાજ      મારાપ્યાર
સંદેશો આપી કરી બ્રાહ્મણ ત્યાંથી જાય
સ્નેહાધીન થયા પ્રભુતુર્ત જગતના રાય
ગાંધ્રવં વિવા કરી પ્રભુ રૂક્ષમણીજીને લાવીયારે
જયરામે વર્ણુંન કરીયું પૂર્ણ ઇતીહાસ
મારા પ્યારા નાથ હરી શ્રીકૃષ્ણ પધારજોરે

---

## કિર્તન ૧૨ મું.

### રાગએજ

વિષ્ણુભકત ખરાં પ્રલ્હાદજીને વખાંણીયેરે
જેની કથા શ્રવણ કરતાં પાતક સહુ જાય
દીનાનાથની રંજન દયા કરી ઉગારજોરે
હીર્ણંકસ્યપુ કહે અલ્યા પ્રલ્હાદ શુંણ મુજવાત
મુજ સમાન આ અવનીમાં નથી બળીયો પ્રખ્યાત

ઇશ્વરસમાન સમજી મુજને કાંભજતો નથી રે
થયો કેમ અલ્પ બુદ્ધીતું મંદ મતી નાદાન    દીનાનાથ
પ્રલ્હાદ કહે પીતા સુણો પ્રભુને લાગુપાવ
પાળક  વિશ્વતણાં હરી એજ જગતનારાય
માટે અસુર ભાવના છોડી ભજો શ્રી રામનેરે
એ છે સકળ શ્રષ્ટીના વ્યાપક સરજન હાર    દીનાનાથ
વચન શુણી પ્રલ્હાદના કોપ્યા ત્યાં મહીપાળ
અરે મુર્ખ નહીં માનતો આણીસ તારો કાલ
કયાં છે બતાવ તારો ઇશ્વર મુજને આક્ષમે
નહીંતો ખડગ વતી શીર છેદીસ હુ આવાર    દીનાનાથ
ભયથી વ્યાકુળ થઇ ફરી પ્રલ્હાદ ત્યાં તત્તકાળ
દીલગીર થઇ મનમાં અતી સમર્યા શ્રી ગોપાળ
પ્રભુ આ અસુર પીતાને દયા નથી કંઇ આવતીરે
ખરેખર દુષ્ટ દૈત્ય આ લેસે મારા પ્રાણ    દીનાનાથ
સુણીપુકાર પ્રલ્હાદની વારે ચઢયા જુગદીસ
થંભ ફાડી પ્રભુ પ્રગટીયા પાડી ભયંકર ચીસ
જોઇ નૃસિંગ રૂપને દૈત્યો સૌ નાશીગયારે
હીર્ણકસ્યપુને  મન થયો અતી કુવ્ચાર    દીનાનાથ
મુકિત કરી ત્યાં દૈત્ય નીશર્યા ભકતના કાજ
પુષ્પ તણી વૃષ્ટી થઇ જય નૃસિંગ માહારાજ
એવી લીલા પ્રભુની જેગાસે નરનારીયોરે
કહેજયરામ તેના સહુ પુર્ણ મનોરથ થાય    દીનાનાથ

# કિર્તન ૧૩ મું

## રાગ એજ

કથા કહુ રામ જન્મની શુણો સહુ જન પ્રિતથીરે.
રઘુ વંશી માહારાજા દશરથના કુળ માંય
પ્રગટયા રામ ચંદ્રજી અંસકળા અવતારથીરે
સુકલ પક્ષ નવમી તીથી ચૈત્ર માસ પર માંણુ
કોશલ્યાના ઉદરથી પ્રગટયા શ્રી ભગવાન
અજોધ્યા પુરી તણીસૌ પ્રજા પ્રેભુ ગુણ ગાયછેરે
બંધી જનગાંધ્રવ ગુંણુ ભુપ તણું સહુ ગાય  પ્રગટયા
માહારાજા દશરથજીએ દીધા વિપ્રનેદાન
રથ પાલખીઓ ગજતુરી અમૂલ્ય વસ્ત્ર પરીધાંન
વિપ્રોવેદ મંત્રથી આશીશ વચન ઉચારતાંરે
ગયા છે પોત પોતાને સ્થાનક રૂડીપેર  પ્રગટયા
અક્ષત અબીલ ગુલાલની ધુમ મચી ચોપાસ
જાણું અસ્ત રવી થયો સ્થંભી રહ્યા આકાસ
તેત્રીસ કોટી દેવતા દર્શન કરવા આવીયારે
કિંનરનાગ અપ્સરામ સહીત સહુ પરીવાર  પ્રગટયા
રત્ન જડીત્ર સીંગાસને બેઠા છે મહીપાળ
સુંદર તાસી વર્ણવું કિર્તિ જેની વિશાળ
કોસલ્યાજી ઝુલાવે લાડથકી શ્રી રામનેરે
જેના પુન્ય તણો તો રહ્યો નથી કઇપાર  પ્રગટયા
નારદ આ દી. દેવતા શિવ સનકાદીક સાર
રામ રૂપ સહુ દેખીને પામ્યા હરખ અપાર
વિવિધ પ્રકાર તણું વાજીંત્રો જ્યાં વાગી રહ્યાંરે
જય જય કાર થયો છે નૃપ દશરથને ઘેર  પ્રગટયા

રામ જન્મ મહોત્સવ તણો મહીમાં જે કોઇ ગાય
રામ પ્રતાપે તેહને શંતતીનું સુખ થાય
એ ઇતી હાંસ પ્રભુ પ્રતાપે સહુ પુરણ થયુરે
જોશી રવજીના સુત કહી રહ્યા જ્યારામ
પ્રગટયા રામ ચંદ્રજી અંસકળા આવતારથીરે

---

## કિર્તન ૧૪ મું.

### (મહાદેવ કહે સુન પારવતી) એરાગ

રામ કૃષ્ણ ભજ મનતું નીરંતર અંતરભાવ ધરી હીરીનેરે ટેક
અંતરભાવ ધરી હરી સુખ સાંતી થશે તુજને ફરીનેરે રામ
નામ રૂપીનવ કામાં બેશી આગાધ સીંધુજાતરીનેરે રામ
આવચન માંની સદગુરૂના સાચા ચાલ અસત્ય થકી ડરીનેરે રામ
કુડકપટ છળ ભેદ ત્યાગીને સ્થીર થજે પ્રભુને સ્મરીનેરે રામ
વિષય સુખોનો અનુભવ કરતાં ત્રપ્તી થયાં ન બેઠો ધરીનેરે રામ
જયરામ કહે જગજીવનના જશ ગાય તું લાજ રખે વારીનેરે
રામ કૃષ્ણ ભજ મનતુ નીરંતર અંતર ભાવ ધરી હરીનેરે

---

## કિર્તન ૧૫ મું.

### થયાછોરે; એરાગ

પ્રભુછોરે મુજ મન ગમતાં હરી સ્મરણ કરૂં આજે
દીન દયાળુતુંછો મયાળુ જકતતણો પ્રતીપાળ
તુજ પ્રાંતે સુભરીતે ધરી ચાતે પરતીને
પ્રભુ ભવનીધી તરવા પ્રયત્ન કરૂં આજે પ્રભુછોરે
ધ્યાન સદા તુજ ચર્ણું કમળનું આપો શ્રી જુગદીસ

અનુરાગે. વણુમાગે. મનલાગે. ભય ત્યાગે.
એવી ભકિત અતીષય તુજ ચરણે દેજે પ્રભુછોરે
શિવ બ્રહ્મા દીકશેષ શારદા. નીસીદીન ગુણુ તુજ ગાય
પ્રીય કારી. સુવીચારી. મતી ધારી ભયહારી.
તુજ ચર્ણુ કમળમાં શિશ ધરૂ આજે પ્રભુછોરે
અલ્પ મતીથી સ્તુતી વદું છું નીજમતીઅનુંસાર
દુ:ખ કાપી સુખ:આપી સુપ્રતાપી સર્વ વ્યાપી
જયરામ રૂદયમાં વાસ સદા કરજે
પ્રભુછોરે મુજ મન ગમતાં ॥

---

## કિર્તન ૧૬ મું.

### (રાગ હીંચનો)

ધડીએક કૃષ્ણુકાન મેલો જશોદા માત ધડીએક કૃષ્ણુકાન મેલો
અમો મેલી જાશું જધર વેલો જશોદામાત
સ્યામ સુંદર મુખ મધુરુજ લાગે. નાથ બોલતો દીસે
છે જાંણે ઘેલો જશોદામાત
પ્યારથી બોલાવતાં એ પાસે આવે છે
પ્રભુ ચાલે છે જાંણે જલ રેલો જશોદા માત
દુધને માટે તો અમે ગાય ચાર રાખી
માત જઇને જુઓને ભરેડેલો જશોદામાત
રોસે કદાપી કૃષ્ણુ તમારેજ માટે
ભર્યો છે રમકડાનો થેલો જશોદામાત
એમ કરતાં જો મારો વહાલો નવરેસે
દુધ પીવરાવિ શું પેહલો જશોદામાત

જય રામ કહે શ્રી કૃષ્ણુ ચરણુમાં એવો ગોપીને
મન આનંદ વ્યાપી જ્યાં રહેલો
જશોદામાત ઘડીએ કૃષ્ણુકાન મેલો

## કિંર્તન ૧૭ મું

### રાગ એજ

ગોકુળમાં ગાયો ચરાવે વાલો મારો ગોકુળમાં ગાયો ચરાવે
મુખ મોરલી એવીતો સુંદર વગાડે ધેનુંવત્સ સહીત
દોડી આવે વાલોમારો
કૌસ્તુભ મણીની માળ કંઠમાં બીરાજે જેનું
તેજ ત્રણ લોકને દીપાવે વાલોમારો
મસ્ત કે મુગુટ મોર પીછના ધર્યા છે
એનું વર્ણુન કરેથી પારનાવે વાલોમારો
કાનમાં જડીત્ત વાલે કુંડલો દીપાવ્યા
દેખી રૂપકામ કોટીને લજાવે વાલોમારો
સોભીતા કરોમાં વાલે જેષ્ટીકા ધરી છે
કાળી કામળી ઓઢી છે મારે માવે વાલોમારો
ગાયો ચરાવી ઘર પ્રભુજી પધારે માતજશોદાજી
મોતીડે વધાવે વાલોમારો
અલ્પમતી દાસદીન રંકહુ તમારો
એવો જયરામ હરી જશ ગાયે
વાલામારો ગોકુલમાં ગાયો ચરાવે

# કિર્તન ૧૮ મું

## રાગએજ

માતજશોદાજી દામણું મંગાવે તથાપી કૃષ્ણ બાંધતાં કદીન કોઇદ્દાવે

ગોપીઓ કહે છે ભલા આતો ગુન્હે ગારને
એવી શીક્ષા કરેથી શાનનાવે તથાપી
લાડકવાયો તો લાલ માજીઆ તમારો
આવી હર હમેસ અમોને સતાવે તથાપી
ભુલ ચુકથી મુખાર વિંદને વિલોકતાં
એતો મૃતીક ના ગાંગડાંસ માવે તથાપી
શુકરવું એની ભાન રહીત શ્રી કૃષ્ણને
એને મટોડીને માંખણુજ ભાવે તથાપી
એક સમય પ્રેમથી હું પારણું ઝલાવતી
મુખ દેખાડી મુજને ડરાવે તથાપી
સમજી એન સાનમાં કદાપી વાત કૃષ્ણની
રત્ન ચૌદમાંની વાત સંભળાવે તથાપી
ચરીત્ર શ્રી બાળ કૃષ્ણના અતી ઉમંગથી
દાસ જયરામ નીશીદીન ગાવે
તથાપી કૃષ્ણ બાંધતાં કદીન કોઇ દ્દાવે

—o—

# કિર્તન ૧૯ મું

## રાગ એજ

પરલોકનું બાંધીલે પ્રાણી ભાતું નહીં તો બુરા હાલ સમજ
મન માંતું
સગું કે સબંધી કોઇ કામ નહીં આવે જીવ કાઢશે
મારીને જમ લાતું નહીતો
વ્યાપીરહયા છે પ્રાણ જયાં સુધી સરીરમા
નિત્ય ગોવિંદના ગુણ ગાતું નહીતો
માગવા પ્રમાણે દેહ ઉત્તમ જદીધી
બોલ સાચી કહી દે સહુવાતું નહીતો
કર્તા પણાનું અભીમાન ધરી બેઠો
પાપ કર્મ થીતો જીવન ધરાતું નહીતો
મુખથી પ્રભુનું નામ તે કદીન લીધું
સત્ સંગ ઘડી એક નવ થાતું નહીતો
લેખણ ચઢાવી હીસાબ પ્રભુ લેશે
પુન્ય પાપ જમા ખર્ચનું તો ખાતું
મેં તો મહારાજ ત્યાં કશું એન કીધું
વિષય ભોગ રૂપી સુત્રનેંજ કાંત્યું નહીતો
ચર્ણે પડી નાથ હું તો કરગરી કહું છું
ર્દય દુ:ખથી તો જાય છે ભરાતું
જયરામ ના સ્વામી જીવને કહે છે એમ
અલ્યા ભોગવીસ દરિદ્ર સદાતું
નહીતો બુરા હાલ સમ જમન માંતું

# કિર્તન ૨૦ મું

ફોગટસીદ માથે તું લેછે ભાર પ્રાણી માન પ્રભુનો ખરો ઉપકાર
ચિંતા ન કરતું માનવી કૃષ્ણ કરે તે થાય
લખ્યું હસે તુજ ભાલમાં જશે નહીં તે કયાંય
ખોટુ નવમાની સજરીગે લગાર પ્રાણી
જન્મા રંભ થકી પ્રભુ પ્રથમજ કરી વિચાર
માતાના સ્તનમાં ભર્યું પય પવિત્ર નિરધાર
દયાળુ છે દેવ એવા દીલદાર પ્રાણી
જે સુખ માગ્યા તેં મુખે તે દીધાં કીરતાર
સૃષ્ટીના શ્રજ નારને ભુલીગયો આવાર
નીરંતર નીતીમાં રહી નરનાર પ્રાણી
સરીર વાંણીને મન થકી કરતાં
અતિસય પાપ
એક ધડી હરીના ભજે મટે નહીં સંતાપ
વ્યાપક સર્વમાં એક જુગ દાધાર પ્રાણી
કૃષ્ણ કૃપાછે જ્યાં લગી દીવસો સુખમાં જાય
.એ હરીને વીસાંરતાં સંપતી સહુ વીખ રાય
માટે ભકિત ભાવે કરો ધરી પ્યાર પ્રાણી
કચ્છ દેશતળ માંડવી સ્થાનક મુખ્ય નીવાસ
સારસ્વત સુભ ગ્નાતીમાં
જયરામ પ્રભુનો દાશ
વિસરતાં નસજન દ્રઢએ વીચાર
પ્રાણીમાન પ્રભુનો ખરો ઉપકાર

# કિર્તન ૨૧ મું

## જાઓ માતાને મંદીરે

હેર સનાતું પ્રભુના ગુણો કેમગાતી નથી
ગુણો કેમગાતી નથી મુખમાં રહીછો છતી હેર
સ્વાદોમાં રહીછો સુરી નીંદા કરવાંમાં પુરી
જુઠું બોલતાં તું તો જરી લજવાતી નથી હેર
ગર્વથી થઇ તું ઘેલી ભક્તીરસ મુકયું ઠેલી
મમત્વ રુપી મદીરાથી ભ્રષ્ટ થઇ શું મતી હેર
કિર્તી વધસે જોતારી લક્ષ્મી લહેર કરશે. ભારી
થવાં જાણજે પ્રસન્ન પ્રભુ તારી પ્રતી હેરસ
વિજય મેળવને વાલી બોલ્યું ન વ જાય ખાલી
જોશી જયરામ કહેઅ પુવ લાભ પામેસતી
હેરસના તું પ્રભુના ગુંણો કેમ ગાતી નથી

# કિર્તન ૨૨ મું

## મજા દેતેહે કયા યાર એરાગ

અમૃત સરીખુ છે હરિનામ સુખેથી પ્રાણી સર્વદા લેતું
પ્રાણી સર્વદા લેતું જગતમાં પુર્ણ થશે સહુ હેતુ અમૃત
કલ્યાણ તણો કરનાર વિઘ્ન સહુ જીવોનું હરનાર
તેને ભજ મન ધરીને પ્યાર એજ છે તરવાનો ભવ સેતુ
સરીરાભી માનદે છોડી. ચિત્ત તું જા હરી ચરણે દોડી
હવેરાત રહી છે થોડી કાર્ય માંઢી લરખેજ કરેતુ અમૃત
પ્રભુ પાસે સહુ લાચાર હુકમ વીણુ ચાલે નહી વ્યહવાર
સાહ્યતા કરે પ્રાણુ આધારા દુ;ખ માથીજ ખચીત બચે તુ
અમૃત
અંકુર પ્રેમવ ણુાંજયાપુલે જેનું મન વિષયોથી નવડુલે.
નીયમ પોતાનું કદીન ભુલે ઇશ્વર તુલ્ય જાણુનર તેતુ અમૃત

જીવગણુ વોતેજ અભાગીજેનું મન વિષયોમાં રહે લાગી
મમતા શકેન જે જીવત્યાગી પાછુ વળીએનું એજ દ્દજેનું
અમૃત
હરી નામ વસ્તુ એક સાચી વેદ પુરાણુમાં લ્યેાાંવચી
જયરામ કહે હોય કાચી ખરેખર પાછી વાળીને દેવું અમૃત

## કિર્તન ૨૩ મું

( કમ જાતરાણુા પીગલા ) એ રાગ

મુખ બોલ રાધે કૃષ્ણુનામ પ્રેમથી અતી
પ્રેમથી અતી રૂડી સુભ રાખીને મતી :ટેક
કામ ક્રોધ આદી લોભ મોહ ગર્વથી
કરી પ્રયત્નને બચોએ સત્રુ સર્વથી મુખ
જેના ગુણો પુરાણુ આદીમાં કહયા કથી
સુખરૂપ નામ કૃષ્ણુના જેવું બીજું નથી મુખ
ગીરી રાજને ધરી પ્રભુ સ્વહસ્વની વતી
રક્ષણુ કર્યુ તમે શ્રીનાથ દ્વારીકા પતી મુખ
પંકજપદ સેવતા શ્રી લક્ષ્મીજી સતી
થતાં નતૃપ્ત પુર્ણુ જેની યોગ્યતા છતી મુખ
મોટા મુની સ્વરોની જયાં મુઝાંય છે મતી
નાદાનજી વઅલ્પની શું ચાલેત્યાં ગતી
વિવિધ ભક્તીમાં રહો સદાએ આવતી
જયરામની સુભ અર્જ આસ્વિકારોદીન પ્રતી મુખ

# કિર્તન ૨૪ મું

## રાગ પુનમ ચાંદની

ઉભી અરજ કરે છે મીરાં રાંકડી રે
પ્રભુ પાલવ પકડી રહી છુ પુરણ પ્રીત થીરે
મારા છેલ છબીલા આતમના આધાર ઉભી
પ્રભુ દાશી કેરા દુખ હરીને દુર કરોરે
શીશ નામી મારા સાધુને પ્રણામ ઉભી

સાંખી

સાસરીમાં સુખ નહીં મહી યરમાંજ નહી માન
સુઃખ દુઃખની જે વિનતી મારી કોઇ ધરે નહીં કાન
મારે નથી રહેવું રાણાજી નારાજ મારે
રાણો રોસે ભરીયો કુડો કપટી કંથ ઉભી
આ અવસર પ્રભુ આવ જો વિઠલ ધાજોવાર
ગોવિંદ સાથે ગોઠડી મારા અબળાના આધાર
વેરી વસમો જાણી વેગે વેલા આવ જોરે
નહિતો જરૂર મારા જીવનું જોખમ થાય ઉભી
ઉંડે કુવે ઉતારી યાતરત તુટયા વૃત
તારણ વાળો તારસે સામળીઓ સમરથ
એવા વિવેકી વિઠલને જાવુ વારણારે
મટે હરી જનોનાં અંતરનો ઉદાસ ઉભી
રુપાળા રણ છોડજી લળી લળી લાગું પાય
ભકત ભિડ ભંજન પ્રભુ કરજો સત્વર સહાય
રાણે વિખના પ્યાલા મીરાને ત્યાં મોકલ્યારે

મીરાંબાઇ અમૃત સમજી કરી ગયા સદુપાન ઉભી
જે જન કલ્પત રૂતણું સેવન કરે સદાય
સ્વપ્નાતર માંતૌં હનૈ દુખ કદીનવ થાય
છે દવા ખડકવતી શીર સાણોજી ઉભાં રહયાંરે
તુરતજ પ્રભુએ ત્યાતો મીરાબના વિચાર ઉભા
સેવક મળીને સામટા કરી રહયા રખવાળ
વિઠલજી વારે ચઢી લીધી ત્યા સંભાળ
ભાવ થકી ભુધરજી ભક્તિને વશ થાય છે
કહે જયરામ પ્રભુના નામતણો મહીમાય

## કિર્તન ૨૫ મું

મન પંખીડાજુ રહેને અસંગ મારે
પડતો નહી તું પ્રેમના પ્રસંગ મારે મન પંખી
વાહાલા સ્નેહપાશ અતીશય આકરો
નથી છુટયા પડેલ એના ફંદ મારે મન પંખી
વૃક્ષ દુઃખ રૂપી છે આ સંસારનુ
રહયો મોહીતેના થતું રંગ મારે મન પખી
આ સાત્રષ્ણા રુપી જાળ પાથરી
તુકારામે કહયું છે અભંગ માંરે મન પંખી
મારે જયરામ કહે પ્રભુને ભજો
ઘર બેઠા નાહયા જાણે ગંગ મારે મન પંખી

## કિર્તન ૨૬ મું

### (પ્રભુને ભજતાં હુજુ કોની લાજ)

અંતરમાં નીત્યા કરીએ વિચાર અમારે શું કરવું રે
જેથી રીઝે જગતના રાય એવું કંઈ આચરવું રે
વાલે આપ્યો મનુષ્યા વતાર કૃપા ઘણી કીધી રે
તેને ઓળખવાતે લગાર મહેનત નવ લીધી રે
વાલો પ્રેમ થકી વસ થાય એવા અવીનાશી રે
કંઈક ભક્તોની રાખી છે, લાજ જુઓને તપાસીરે
વાલે વિવિધ પ્રકારના અન્ન ઉત્તમ ઉપ જાવ્યારે
જેનું કરતાં મનુષ્યો ભોજન પ્રીતે મન ભાવ્યાં રે
વાલે વિશ્વર રુપે દર્શન અર્જુનનેજ દીધારે
કૌરવોથી કરાવી સંગ્રામ જેણે જશલીધારે
વાલા લીલા તમારી અપાર વર્ણન કેમ કરીયે રે
જોણી જયરામ ચર્ણનો દાશ દયા દીલ ધરીયે રે

## મેલાપ

સવારનાં ૮–થી–૧૦ સુધી

સાંજે ૫–થી–૭ વાગા સુધી

# કિર્તન ૨૮ મું.

## રાગએજ

સવ દાશીઓની અર્જને સ્વીકારી. અમારા ચીર આપોને ગીરધારી.
કદંબે ચઢીને વાલા શું રે બેઠા. અમો વસ્રો વિનાનીસૌ ઉઘાડી
હમારા
જલની ભીતર હમારા સરીર કંપે છે. કહીએ સુંવાત વિસ્તારી હમારા
નંદના કુંવર વાલા તમે છોહઠીલા. જુઓછો શું નીરધારી હમારા
મશ્કરીની વાતવાલા અમો નવ જાણું નાથ છે એ સૌબાળ કુંવારી
હમારા
સ્યામ સુંદર પ્રભુસર્ણું તમારી. નાથ ચરણ કમલ પરવારી હમારા
પ્રેમ વિવસ થઇ પ્રભુના ચરણુમાં. નમીં સકળ વૃજનારી હમારા
જય રામના પ્રભુ સ્નેહ આધીન થઇ. આપ્યું વચન શ્રી મુરારી હમારા

---

# કિર્તન ૨૯ મું.

## રાગ ચાહે બેલો ઇમાન બોલો

છેએ સરણે પ્રભુજી તમારી નાથ કરણી નજોસો અમારી
ઉપકારો કીધા અંતી ભારી ગાય ગોપને લીધાં ઉગારી.
રક્ષા કીધી ગોવરધન ધારી નાથ કરણી નજોસો અમારી

પય પુતના માશીનું પીધું તેને લઇને અમરપુર દીધુ દાશી કુબજાને દીધી ઓધીરી નાથ

મલ્લ ચાણુર મુષ્ઠિક હાર્યા, મામા કંસને આપેસં હાર્યા. વૈર માતાનું લીધું વીચારી નાથ

ભક્ત પ્રલ્હાદનું દુઃખ જાણી. નૃસિંહ રૂપ ધર્યું ચક્રપાણી. હીરણ્ય કસ્ય પુનાખ્યો વિદારી નાથ

મેતા નરસિંહની લાજ રાખી. નાત નાગરની પડી ઝાંખી. સાહ્ય થયા શ્રી કૃષ્ણ મુરારી નાથ

દાશ જયરામ કહે હાથ જોડી. મુજમા મતી છે છેક થોડી. રેજો પ્રભુ સદા સાહ્યકારી નાથ કરણી ન અમારી

## ભારત (૧) આખ્યાન.

### હરી ગીત

રાજા પરીક્ષિત ને કહી, સુકદેવજી એ જે કથા
વિગતેથી વર્ણન હું કરૂ, મતી મારી જેવી છે યથા
સંસારના તાપો ત્રિવિધનો, નાશ સત્વર જે કરે
શુભ ચરીત્ર આ જડ ભરતના, નર ચતુર વાંચો કોઈ અરે
મળ તુંજ જ્યા પ્રભુ પ્રીતથી, જળ અન કે વસ્રો કદા
સંતો સથીતે સર્વનો, ઉપયોગ કરતાં તે તદા
અભિમાન જેસ્વ સરીરનું, મુકી વિચરતાં જે ખરે
સુભ ચરીત્ર આ જડ ભરતના, નર ચતુર વાંચો કોઇ અરે

સુંદર કથાંમૃત પાન જે નર. નીત્ય નીશ્ચથી કરે
સંસય તજી સંસારના, ભવ અબ્ધી સુખથી તે તરે
પાપો સહુ પ્રલએ થતાં, પ્રભુ ચર્ણુંમાં પ્રીતી ધરે
જયરામ કહે જડ ભરતના, ગુણ ગાઓ વાંચો કોઇ અરે

---

## દોહેરા ૩૦

નીરમળ જળ સરીતાવિષે, કરી ભરતજી સ્નાન.
બેઠાછે જપમાળમાં. ધરી ઇશ્વરનું ધ્યાન.
તરસેથી વ્યાકુળ થઇ, સમીપનદીને તીર.
કરણો ત્યાં ઉંચા કરી, મૃગલી પીતીનીર. ૨
હતી ગર્ભણી ને વળી, સુણીસિંહનો નાદ
ભયપામી અંતર વિષે, કર્યા પ્રભુને યાદ ૩
સામીતીરે ઠેકતાં, ગર્ભ પડ્યો જળમાંય.
ભરતે ત્યાંજ નીહાળીયું, તરતકંપીયા ત્યાંય. ૪
જળમાં પડતાં વારતે, ચાલ્યું તણાંતું તેહ.
દયા ઉપની ભરતને, તેમાં સો સંદેહ ૫
મૃગ બચ્ચાને લઇ કરી, રાખ્યું પોતાની પાસ
નીજ આશ્રમાં લઇ ગયા, આણી મન ઉલ્હાસ ૬

---

## ભરત વિલાપ ૩૧

### ( અનજારો )

મુજ મૃગલું ગયું તે કયાંહીં હું સોચ કરૂ છુ. આંઇ
તુજ વિણુ કંઇ અન્નન ભાવે, નેણે નીદ્રા નહીં આવે
કરૂં શું કાજ અરે મહારાજ, મહા દુ:ખ દાઇ હુંસોચ
તરસ્યો તું કદાપી થાસે, જળ હાથ-વતી કોણુ પાસે
અરે શું થયું, મૃગલું કયાં ગયું જોઉ કયાં ધાઈ હુંસોચ
ચંડીના દિવસો આવે, શીતલતા તીવ્ર સતાવે
ગર્મકા મળી ઓઢાડું વળી રહુ ગુણુ ગાઇ હુંસોચ
આધાર પ્રાણુનો મારો થઇ, રહ્યો કેમ તું ન્યારો
વિપત્તી પડી રહ્યો છું રડી, મને પસ્તાઇ હુંસોચ
સ્નેહ પાસમાંજ લલ ચાઇ, દેહ પડયો ભરતનો ભાઇ
તરત તે વાર થયો અવતાર. યોની મૃગ માંહી હુંસોચ
ધરી ધીર કહે જયરામ, માયાથી થયું છે આમ
પ્રભુને ભજો. મોહને તજો, એજ સુખ દાઇ હુંસોચ

---

## લાવણી ૩૨

કહે ભરત મારી મેં દશા, કહી મુખ વરણી.
પશુ યોનીમાં અવતાર, થયાની કરણી

૫ છે થયા દેહ સંસ્કાર, વાતતે કહીએ
સજ્જન સુણજો દઇ કાન રાખી શુભ હૈયે
દુઃખ થયાં જેને જેટલાં, જુઓ જે વાંચી
મોહ થકી થયાની વાત, લાગસે સાચી
મૃગ યોનીમાં અવતાર, ભરતનો આવ્યો
તે કથા તણો વિસ્તાર, એમાતો નાવ્યો
સંક્ષેપ્ત કહું ઇતીહાસ પ્રસંગ પ્રમાણે
ઢીલ ગીરીતણો દેખાવ, ભરત જી આણે
મૃગયોનીમાં મુંઝાઇ રહ્યું, મન જેનું
જયરામ કહે વર્ણન કરું છું તેનું

---

## સિંહાનો કનરો ૩૩

માત વિનાની આ, મૃગલી બીચારી
રહેવાને ઇચ્છે સદા, પાસ મારી — માત
સરણાં ગતને, જે કોઇ જીવ ત્યાગે
નિશ્ચય ભરત, કહેપાપ લાગે — માત
વિચાર મનમાં, ભરતજી કરીને
રાખ્યું આશ્રમમાં, એ મૃગને ફરીને — માત
લાલન પાલન, કરતાંજ તેનું

પ્રભુથી વિમુખ, થયુ મન જેનુ માત
એવી રીતે બાળ, મૃગ ત્યાં જરૂરતું
ઘડી એક ભરત, જીને ન વિશર તું માત

---

## સાર્દુલ વિક્રિડીત ૩૪

એમૃગ મોટું થયા પછી, મન વિષે, વિચાર એવાં કરે
બીજા અન્ય પશુ નીરંતર અહિં. વનમાં ખુશીથી ફરે
એવા તર્ક વિતર્ક ત્યાંજ કરતાં, એની ફરી છે મતી
આશ્રમ છોડી જતું રહ્યું પલકમાં, દૈવો વિચીત્ર ગતી
નહિ જોતાં મૃગનેજ ત્યાં ભરતજી, સંતાપ સું ત્યાં કરે
તેથી શું પરીણામ નિશ્ચય થયું, વાંચી જુએથી પડે

## ( રાગ ઓખાં હરણુનો ) ૩૫

મુર્ખતાથી મે મતીરે ગુમાવી, કર્મ અનુશારે આ દેહ આવિ.
શુકૃત કરતાં નડયું આતો પાપ સુરે થાસે જગતનારે બાપ
મેં તો કૃત્ય એવું નથી કરયું, પણ મોહ વિષે મન ધરીયું
હવે સુઝે નહી તે સું કરવું ભુખ તરસ વેઠી મારે મરવું
સંગ કરવાનું જો માંડી વાળું, ત્રષ્ણાનું કરવું મુખ કાળું
એવો મનમાંતે કરીને વિચાર, દુઃખ લાગ્યું છે જેણે અપાર
સુકા પાન પાંદડાંને ખળ ખાઇ, રહ્યા જઈ હરી ક્ષેત્રની માંઈ
વૃત્તી એકાગ્રથી ફરે ફરતાં, કથા શ્રવણ વિગેરે ત્યાં કરતાં

એવી રીતે ત્યાં, દીવસો ગુમવ્યા, નદી સમીપે ભરત મૃગ અવ્યા
મધ્ય જળમાં પોતે રહી આપ, છુટયા પ્રાણુને ગયો સંતાપ
એણી પેરે તો અવતાર, પુર્ણ કરયું મેતો આણી વાર

---

## ભુજંગી છંદ ૩૬

મૃગયોનીમાંથી, છુટયા ભર્તજ્યારે.
પછી શું થયું તે સુણો, સર્વત્યારે.
કરેલી હસે સાધના, જેહસાચી.
જસે શુંકદી, વ્યર્થ હ્યોવેહવાંચી,
રૂપી અંગીરાની કુલેજન્મપામ્યા.
ભરતજીસહુ દેહના દુઃખ વામ્યા.
પછીજડ દશામાં રહી પોતે આપ
જણાવેન પોતા તણોજે પ્રતાપ
પઢાવે પિતા ભર્તને પ્રેમ આણી
તથાપીનતે સીખતાંવેદ વાણી
પછી પુત્રના સ્નેહનો પાસતોડી
દીધું છે હરીચર્ણમાં ચિત્ત જોડી
ન લાગી કસી ભર્તને દેહપીડા
દીધી છોડી કહે વાતણી સર્વ ક્રિડા
રહી ક્ષેત્રમાં પંખીઓને ઉડાવે
ગુણો ભર્તના દાસ જયરામગાવે

---

( કુંડલીઆ ) ૩૭

સુભચરીત્ર જડભર્તના.
જે વાંચે નરનાર
કહે કવિ જયરામતે
તુરત ઉતરસે પાર
તુરત ઉતરસે પારન જાણો સંસય એમાં
અંતરનો ઉચ્ચાટમટે સુખપામે તેમાં

સમાપ્ત

## સુચના.

આ પુસ્તક નીચે લખેલા ઠેકાણેથી મળસે. જોશી જયરામ રવજી બાગલીયા

ઠેકાણું મુંબઇ નલબજાર પોલીસ ચોકીને સામે રંગારીના માળામાં ત્રીજે દાદરે-અથવા પાંજરાપોળના નાકા પાસે પોતાના આસન ઉપર.